ચોર... ચોર..ની બુમો વચ્ચે સિવિલમાંથી ત્રણ શકમંદ પકડાયા

શહેરના બજારોમાં ગણેશજીની મૂર્તિનું ધુમ વેચાણ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં વિઘ્નહર્તા ગણેશ ભગવાનના ઉત્સવ ગણેશોત્સવની ધામધૂમથી તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં ગણેશોત્સવની ભવ્યાતિ ભવ્ય રીતે ભકતો દ્વારા ઉજવણી કરવાામાં આવે છે.ગણેશોત્સવને અનુલક્ષી શહેરના બજારમાં રિધ્ધી સિધ્ધીના દાતાની સુંદર કલાત્મક મૂર્તિઓ આવી ગઈ છે.શહેરમાં ભકતોની સંખ્યામાં વધારો થતા માર્કેટમાં મૂર્તિના વેચાણમાં પણ બમણો વધારો નોંધાયો છે. ત્યારે ગણેશજીની મૂર્તિને પણ જાણે મોંઘવારીનું ગ્રહણ લાગ્યું છે. ગત્ વર્ષ કરતા ભાવમાં ૨૦ ટકા જેટલો તોંતિગ વધારો નોંધાયો છે. ઈકો ફ્રેન્ડ્રલી મૂર્તિની ભકતો વિશેષ ખરીદી કરતા નજરે પડે છે. જયારે રૂ. ૫૦૦ સુધીની રેન્જની મૂર્તિનું સૌથી વધુ વેચાણ

હોય છે. જયારે છોટાભીમ પેર્ટનની દુદાળાદેવની મૂર્તિ બાળકોમાં હોટ ફેવરીટ બની છે.

ભારતીય સંસ્કૃતના સુસ્કૃતિના સંસ્કારોમાં કોઈ કાર્યની સફળતા માટે પહેલા મંગલા ચરણ કે પછી પૂજય દેવોની વંદનાની પરંપરા રહી છે. સનાતન ધર્મથી સૌ પ્રથમ શ્રી ગણેશની પૂજાથી જ શુભ કાર્યની શરુઆત થાય છે. ગણેશ પૂજા ખુબ જ મહત્વપૂર્ણ અને કલ્યાણકારી છે. ગણેશ ચતુર્થી, પથ્થર ચોથ અને કલંક ચોથના નામે પણ ઉજવવામાં આવે છે. દર વર્ષે ભાદરવા મહિનાની શુકલ ચતુર્થીના રૂપમાં ઉજવવામાં આવે છે. ચતુર્થી તિથિના રોજ શ્રી ગણપતિની ઉત્પતિ થઈ હતી. આ વ્રત કરવાથી બુધ્ધિ વિકસીત થાય છે. તમામ સંકટો હટી જાય છે અને સુખ સમુધ્ધિ આવે છે.ત્યારે શહેરના વિવિધ સેકટરોમાં ગણેશ ભકતો દ્વારા ગણેશોત્સવની સુંદર ઉજવણી કરવામાં આવે છે. સવાર-સાંજ પૂજા અર્ચના બાદ સાંજે અવનવા ધાર્મિક તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. શહેરમાં સેકટર-૨૨, સે-૨, સે-૬, સે-૭ સહિતના સ્થળોએ દબાદબાભેર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે શહેરના બજારોમાં પણ ગણેશજીની અવનવી મૂર્તિનું આગમન થઈ ચુકયું છે. સમગ્ર રાજયમાં મોટાભાગની મૂર્તિ અમદાવાદ, સુરત અને વાસણામાં રહેતા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવે છે. શહેરના બજારમાં રૂ.૧૦૧ થી રૂ.૨૫૦૦ સુધીની મૂર્તિ ઓન ડિમાન્ડ છે. જયારે મોટા આયોજનમાં રૂ.૭૦૦૦ થી રૂ.૧૧૦૦૦ સુધીની મૂર્તિ ભકતો ખરીદે છે. વેપારીઓના મતે નગરમાં પહેલા કરતા મૂર્તિનું વેચાણ વધુ થાય છે. જયારે રૂ.૫૦૦ની રેન્જની મૂર્તિ વધુ વેચાય છે. મોંઘવારીમાં આ વર્ષે ૨૦ટકા ભાવ વધારો નોંધાયો છે છતા ગણેશ ભકતો મહોત્સાની ઉજવણી ધામધુમથી આયોજનને આખરી ઓપ આપી રહ્યા છે.

@ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

૪થી સપ્ટેમ્બરે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ ને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૪ સપ્ટેમ્બરને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુંછે. આ સ્પર્ધામાં ધોરણ-૧ થી ૧૦ સુધીના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ તા. ૩ સપ્ટેમ્બર સુધી ઓફીસમાં નામ નોંધાવવા જણાવાયુંછે. આ સ્પર્ધામાં કંપાસ અને કલર બાળકોએ લાવવાના રહેશે તથા સંસ્થા દ્વારા ડ્રોઈંગસીટ આપવામાં આવશે. સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોને પ્રથમ ત્રણ ક્રમાંક સુધી ઈનામ અને ભાગ લેનારને સર્ટીફીકેટ આપવામાં આવશે.

શ્રી સરસ્વતી વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર જિલા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા શાળાકીય એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સે-૧૫, સાંઈ સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાયેલ આ એથ્લેટીકસ સ્પર્ધામાં જિલ્લાની અલગ અલગ શાળાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં શ્રી સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતી અનુ પટેલે ચારસો મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવીને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. તો શાળા પરિવારના ટ્રસ્ટીઓ, શિક્ષકો તેમજ આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે.

જિલ્લા કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધામાં ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી

સેકટર-૧૫ સાંઈ સ્પોર્ટસ સંકુલ ખાતે જિલ્લા કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) સે-૭ની વિદ્યાર્થીનીઓએ અંડર-૧૯માં ભાગ લીધો હતો. જેમાં ૫૦૦૦ મીટર દોડમાં અને જલદ ચાલમાં લલિતા ચૌધરી પ્રથમ ક્રમાંકે, હેમર થ્રોમાં નીતા ચૌધરી પ્રથમ ક્રમાંકે, ૧૦૦ મીટર દોડમાં સ્નેહલ ચૌધરી પ્રથમ ક્રમાંકે, ૪૦૦ મીટર દોડમાં કાજલ ચૌધરી દ્વિતીય ક્રમાંકે, ૨૦૦ મીટર દોડમાં આરતી ચૌધરી દ્વિતિય ક્રમાંકે, ચક ફેંકમાં ભારતી ચૌધરી દ્વિતિય ક્રમાંકે અને ગોળાફેંકમાં શીતલ ચૌધરી દ્વિતિય ક્રમાંકે વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે વિજેતા બની શાળાનું જિલ્લા કક્ષાએ નામ રોશન કર્યું છે. શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા બહેનો વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ તથા સમગ્ર શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

વાતવાતમાં

● ગુરુવારે સવારે ૧૭/૨૨ના શોપીંગ પાસે એક અત્યંત ગરીબ શ્રમજીવી પરિવારનો બાળક નવા કપડાં પહેરી હાથમાં રૂ.૫ની ચાર પાંચ ચોકલેટસ લઈને આવ્યો હતો. આ ચોકલેટસ તે ઉમળકાથી શોપીંગના સાયકલ રેપીરીંગવાળો, ચાની કિટલીવાળો વગેરેને 'આજે મારી બર્થ ડે છે' કહી આપતો હતો.

● ગૌણ સેવા પરિષદ દ્વારા લેવાયેલ તલાટીની પરીક્ષાનું પરિણામ પરિષદની વેબસાઈટ પર મુકી દેવાયું છે. આ પરીક્ષામાં પાસ થનારને તા. ૯મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી વિજય રૂપાણી જાતે પોસ્ટીંગ આપવાના છે.

● પોલીસની ભર્તીમાં પહેલા પાંચ વર્ષ માટે ફિકસ પગારમાં લોકરક્ષક તરીકે નિમણુંક અપાયા બાદ કોન્સ્ટેબલ તરીકે પૂર્ણ પગારમાં કાયમી કરાયા છે. આ રીતે પાંચ વર્ષ પૂર્ણ કરી તાજેતરમાં ફુલ પગાર પ્રાપ્ત કરનારા નવા કોન્સ્ટેબલ દ્વારા સે-૭ના પોલીસ સ્ટેશનમાં સત્યનારાયણની કથા યોજવામાં આવી હતી.

● ઘ-૨ સર્કલ નજીક અપના બજાર સામે થોડા સમય પહેલા એક શ્રમજીવીએ સરકારી જગ્યામાં ચાની કિટલી ચાલુ કરી હતી. થોડાક માસમાં આ ચાની કિટલીએ સારી એવી ઘરાકી બંધાઈ જતા આ 'સરકારી જગ્યા' સાથેનો પોતાનો બીઝનેસ તેણે રૂપિયા એકથી સવા લાખમાં વેચી માર્યો છે.

● સિવિલ હોસ્પિટલમાં બુધવારે રાત્રે એક દારૂડિયાએ ભારે ઉત્પાત મચાવવા સાથે નર્સીંગ સ્ટાફના સિસ્ટર્સ-બ્રધર્સને ગાળાગાળી કરી હતી. અંતે આ દારૂડિયાને પોલીસના હવાલે કરી દેવાયો હતો.

● કલોલમાં એક સાપ પકડવાનો પ્રયત્ન કરનાર યુવાનને સાપ ઓળખવામાં ભૂલ તથા કોબ્રાએ ડંખ માર્યો હતો. આ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જયાં તબીબોએ તેને જહેમતથી બચાવી લીધો છે.

સાર્વજનિક સમિતિ દ્વારા ગણેશોત્સવની ભવ્ય ઉજવણી

૪૭મા વર્ષે સે-૨૨ રંગમંચ ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧

સે. ૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૪૭મા વર્ષે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગણેશોત્સવની ઉજવણીના પ્રારંભે તા. ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે સે. ૨૨ આનંદવાટીકામાં ગણેશજીની પૂજા આરતી બાદ ભવ્ય શોભાયાત્રા નીકળશે. ત્યારબાદ સેક્ટરના રંગમંચ પર શ્રીજી મૂતિની વિધિવત પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. ગણેશોત્સવ અંતર્ગત રંગમંચ ખાતે રાત્રીના વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે.

સે.૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા છેલ્લા સાડા ચાર દાયકાથી ગણેશોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવે છે. સમાજમાં પારિવારીક અને ધાર્મિક ભાવના વધુ બળવત્તર બને તેવા શુભ આશયથી ગણેતોશ્વની ઉજવણી કરવામાં આવે છે. વિઘ્નહર્તા ગણેશજીની પૂજાભક્તિ કરવાના આ ઉત્સવના નગરની સંસ્થાઓ વેપારીઓ, કલાકારો, રાજકીય આગેવાનો, અગ્રણીઓ અને નગરજનો દ્વારા પણ સહયોગ પણ પુરો પાડવામાં આવે છે. આગામી ગણેશોત્સવની ઉજવણની અંગે સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે માહિતી આપતા જણાવ્યું હતું કે તા. ૫ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત તા. ૫ સપ્ટેમ્બરના રોજ સે. ૨૨, આનંદવાટીકામાં પ્લોટ નં. ૨૧૧/૨માં રહેતા ભાવિક રાવલના નિવાસસ્થાનેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જૈન દેરાસર તેમજ સેક્ટરના શોપિંગ થઈને યાત્રા સે. ૨૨, રંગમંચ પહોંચશે. જ્યાં શ્રીજીની મૃતિની પ્રાણ પ્રતિષ્ઠા અને પૂજા આરતી કરવામાં આવશે. રાત્રીના ૮.૩૦ કલાકે રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે મંગલદિપ પ્રગટાવી ગણેશોત્સવની ઉજવણીનું પ્રારંભ કરાશે. જ્યારે ૯.૦૦ કલાકે બાળકો દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાશે. તા. ૬ સપ્ટેમ્બરના રોજ રાત્રીના ૮.૩૦ કલાકે બેસ્ટસીંગર ઓફ સિટી કાર્યક્રમ યોજાશે. તા. ૭ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે હળદીકંકુ સ્પર્ધાઓ, ભજન, આરતી, સુશોભન, ફુલદાની સુશોભન સહિતની સ્પર્ધાઓ યોજાશે. ત્યારબાદ ગુજરાતી ગીત સંગીતનો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી યોજાશે. તા. ૮ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા પુરસ્કૃત લોકનૃત્ય મહોત્સવ યોજાશે. તા. ૯મી સપ્ટેમ્બરે પ્રાથમિક શાળાના બાળકોનો ટેલેન્ટ શો યોજાશે. તેમજ દિકરી બચાવો અને ભણાવો વિષય પર શોર્ટ ફીલ્મ 'થેક્યુ પાપા' રજૂ થશે. તા. ૧૦મી સપ્ટેમ્બરે લકુલિશ યોગ યુનિવર્સિટી દ્વારા યોગ નૃત્ય નિદર્શનનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ તા. ૧૧ સપ્ટેમ્બરે બપોરે ૩.૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રાના અંતે શ્રીજીની મૃતિનું વિધિવત વિસર્જન કરવામાં આવશે.

ચોર... ચોરની બુમો વચ્ચે સિવિલમાંથી ત્રણ શકમંદ પકડાયા

હોસ્પિટલના સિકયુરીટી ગાર્ડે ત્રણ શખ્સોને પડકારી તેમની પાછળ દોડીને પકડી પાડયા : ત્રણેય શકમંદોને પકડીને પોલીસને સોંપતા ઈન્ટ્રોગેશન શરૂ કરાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના મોબાઈલથી માંડીને પર્સની ચોરી થઈ જતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે ત્યારે ગઈ મોડી રાત્રે વોર્ડમાંથી ચોર ચોરની બુમો પડતાં હોસ્પિટલની સિકયુરીટી એલર્ટ થઈ ગઈ હતી અને ભાગી રહેલા ત્રણ શખ્સોને તબક્કાવાર પીછો કરીને પકડી પાડી પોલીસને સોંપી દીધા છે. ત્રણેય શકમંદોની સે-૭ પોલીસે ધરપકડ કરી શંકા આધારે ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

મળતી મહિતી મુજબ ગઈ મોડી રાત્રે અઢી વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીગના આઠમા માળેથી દર્દીઓની અચાનક બુમો સંભળાઈ ચોર...ચોર...! ત્રણ શખ્સો હરણ ગતિએ બિલ્ડીંગમાંથી ઉતર્યા અને કેન્ટીન તરફ દોડયા હતા. નવી બિલ્ડીંગની બે મહિલા સિકયુરીટી ગાર્ડે તેમને પડકાર્યા અને લેબોરેટરી પાસે બેઠેલા ચાર સિકયુરીટી ગાર્ડે આ અવાજો સાંભળી ભાગી રહેલા શખ્સોનો પીછો કર્યો હતો. સિકયુરીટી સુપરવાઈઝર અશોક તલવાડી, સિકયુરીટી ગાર્ડ સિધ્ધરાજસિંહ વાઘેલા અને ચાવડા ગજેન્દ્રસિંહ સહિતના સિકયુરીટી સ્ટાફે તેમનો પીછો કરીને ત્રણેય શકમંદોને તબક્કાવાર ઝાડીઓ સુધી પીછો કરીને દબોચી લીધા હતા. મેથીપાક ચખાડીને સે-૭ પોલીસને ત્રણેય શખ્સો સોંપી દેવાયા હતા. સે-૭ પોલીસે સે-૨૮ના પુનમ મોતી મિસ્ત્રી, પેથાપુરના મહેશ મફત શ્રીમાળી અને અર્બુદા ફલેટના ધવલ રાજુ પંડયા ત્રણ યુવાનોની શંકાના આધારે ધરપકડ કરી ઈન્ટ્રોગેશન શરુ કર્યું છે.

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ઉપક્રમે કાનુની શિબિર યોજાઈ

તાજેતરમાં સુપ્રિમ કોર્ટ-નાલસાની સ્કીમ 'ગરીબ નિવારણ' હેઠળ એક મહત્વપૂર્ણ કાનુની શિબિર સે-૧૩ ઝુંપડપટ્ટી વિસ્તારમાં યોજવામાં આવી હતી. જેમાં પી.એલ.વી. રામભાઈ પરમાર દ્વારા ગરીબ નિવારણ યોજનાઓ વિશે, સુધીર દેસાઈ દ્વારા વિવિધ સરકારી ગરીબી નિવારણને લગતી યોજનાઓ તથા રાજુભાઈ ગજ્જર દ્વારા શિક્ષણ અને ગરીબી નિવારણ અંગે સવિસ્તાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. ઝુંપડપટ્ટીના આગેવાન બાબરભાઈ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. પેરાલિગલ વોલંટીયર મણીભાઈ સોલંકી અને સિતારામભાઈ પટેલે પણ ઉદબોધન કર્યું હતું. વકીલ હિતેશભાઈ ગાંધર્વએ પણ ઉપસ્થિત રહી નગરજનોને માર્ગદર્શન પુરું પાડયું હતું.

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ત્રિદિવસીય કરાટે સેમિનાર યોજાયો

શિબિરમાં કાતા, કુમિતે તથા રેફરી અંગે સઘન તાલીમ અપાઈ : માલવ ગોવાલાએ બીજી વાર તથા કોચ હરજિન્દર સીંઘે ચોથીવાર બ્લેક બેલ્ટ પરીક્ષા પાસ કરી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા. ૨૬ થી તા. ૨૮મી ઓગષ્ટ દરમિયાન ત્રિદિવસીય કરાટે ડો દ્વારા આયોજિત ત્રિદિવસીય શિબિરમાં રાજયભરમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં કુલ ૨૭ વિદ્યાર્થીઓએ બ્લેક બેલ્ટ પરીક્ષા પાસ કરી હતી.

કરાટે શિબિર યોજવામાં આવી હતી. આ કરાટે શિબિર ગુજરાતના ધામ્મિકા કાઈ-શિતો-રિયુ કરાટે ડો દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં કાતા, કુમિતે અને રેફરી સેમિનાર યોજવામાં આવ્યા હતા. આ શિબિરમાં માલવ ગવાલા એ બીજીવાર તથા કોચ હરજિન્દરસીંગ આર. ગીલે ચૌથીવાર દાન બ્લેક બેલ્ટ પરીક્ષા પાસ કરી હતી. જેમાં માલવ ગોવાલાએ બીજી વાર દાન બ્લેક બેલ્ટ પરીક્ષા પાસ કરી હતી. સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના સ્પોર્ટસ શિક્ષક તથા કોચ હરજિન્દરસીંઘ આર. ગીલે ચોથી વાર દાન બ્લેક બેલ્ટ પરીક્ષા પાસ કરી હતી. આ શિબિરમાં ઓલ ઈન્ડિયા કરાટે ફેડરેશનન રેફરી શિહાન રજનીસ ચૌધરીએ શિબિરાર્થીઓને તાલીમ આપી હતી તથા તેમની પરીક્ષા લીધી હતી. શિબિરમાં વિદ્યાર્થીઓને કરાટેની કાતા, કુમિત તથા રેફરી અંગેની સઘન તાલીમ આપવામાં આવી હતી.

સામાજિક સ્વાસ્થ્ય માટે અંધશ્રદ્ધા નિર્મૂલન કાયદો બનાવો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૧

રાજયમાં વ્યાપેલી અંધશ્રદ્ધાઓને કારણે લોકોનું આર્થિક, શારીરિક અને માનસિક શોષણ થાય છે. બંધારણીય આદર્શ મુજબ, વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપવાની રાજયની ફરજ છે.

અંધશ્રદ્ધા દ્વારા શોષણકર્તા એવા ભૂવાઓ, તાંત્રિકો, દિવ્યશકિત ધરાવવાના દાવા કરનારા, કાળા જાદુ, ચમત્કારથી રોગ નિવારણ, લોટરી લગાડી આપનારા લેભાગુ તત્ત્વોને કાયદા દ્વારા નિયંત્રણમાં લાવવાની આવશ્યકતા છે.

મહારાષ્ટ્ર સરકારે અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કાયદાની રચના કરી છે. પ્રગતિશીલ ગુજરાત સરકાર પણ આવો કાયદો કરી પ્રજાનું રક્ષણ કરે તેવો અનુરોધ 'ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ' કરે છે.

ગુજરાત રેશનાલીસ્ટ એસોસીએશન, સત્યશોધક સભા, ટેડીકલ હ્યુમેનિસ્ટ, એસોસીએશન, અખીલ ભારતીય વિજ્ઞાન પરિષદ વગેરે સંસ્થાઓએ અંધશ્રદ્ધા નિર્મૂલન કાયદો બનાવવા સરકારને પણ વિનંતી કરી છે.

સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ રમશે

ગાંધીનગર, તા.૧

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭ના વિદ્યાર્થીઓએ જિલ્લાની એથ્લેટીક રમતમાં પ્રથમ-દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને રાજયકક્ષાની સ્પર્ધામાં રમવા જશે. જમોળ મનીષા બાબુભાઈ ૧૫૦૦ મીટર દોડ-પ્રથમ, મકવાણા લક્ષ્મી ભગવાનભાઈ ૪૦૦ મીટર દોડ-પ્રથમ, ઠાકોર આરતી પ્રવિણસિંહ વિઘ્નદોડ-દ્વિતીય અન્ડર-૧૭ની રમતમાં વિજેતા બનેલ છે.

અન્ડર-૧૯ની રમતોમાં બારીયા રાધા સનાભાઈ ૮૦૦ મીટર દોડ-પ્રથમ, શ્રીમાળી સેજલ પ્રહલાદભાઈ ૧૫૦૦ મીટર દોડ-દ્વિતીય, દંતાણી સુરજ દિનેશભાઈ વિઘ્નદોડ-પ્રથમ, હાંડા સહદેવ મુકેશભાઈ ૮૦૦ મીટર દોડ અંડર-૧૭-પ્રથમ નંબરે વિજેતા બનેલ છે અને શાળાનું તથા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. કોચીંગ રમેશભાઈ સોલંકીએ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ્રીએ સૌને શુભેચ્છાઓ પાઠવેલ છે.

અવસાન નોંધ

સ્વ. આનંદીબેન અંબાલાલ ઠકકરનું ગત તા. ૩૧ ઓગષ્ટના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું. ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન જય યોગેશ્વર કોમ્પ્લેક્ષ, સીટી પલ્સ થિયેટરની બાજુમાં, કુડાસણ ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. હંસાબેન રામભાઈ વાળંદ, ઉ.વ. ૬૫
- સ્વ. કનુજી બબાજી વણઝારા, ઉ.વ. ૫૮
- સ્વ. ધર્મિષ્ઠાબેન સુરેન્દ્રકુમાર ભટ્ટ, ઉ.વ. ૬૮
- સ્વ. મોદી અમરતલાલ હરગોવનભાઈ, ઉ.વ. ૮૩

શહેરીજનો શેર માર્કેટમાં આઈપીઓ થકી માલામાલ

તાજેતરમાં આવેલા મોટાભાગના પબ્લીક ઈસ્યુઓથી શહેરીજનોને અણધારી આવક થઈ : ૨૦૦૮ની મંદીના માર ઉપર મલમ લાગ્યો

ગાંધીનગર, તા.૧

શેરબજારમાં રસ ધરાવતા શહેરના કેટલાક શહેરીજનોને આઈપીઓ થકી તાજેતરમાં થયેલી અણધારી આવકથી હાશકારો થયો છે. સને ૨૦૦૮માં શેરબજારમાં આવેલી કારમી મંદીમાં ભારે નુકસાન કરી ઉદાસીન થઈ ગયેલા શહેરીજનોમાં પબ્લીક ઈસ્યુ થકી થયેલી આવકથી નવો દોરી સંચાર ઉભો થયો છે. અને નુકશાન સરભર કરવાની તક પ્રાપ્ત થતા આશાનું કિરણ બંધાયું છે. જો કે શેર બજારમાં નુકસાન કરી ચુકલા શહેરીજનો હવે ફકત નવા પબ્લીક ઈસ્યુ જ ભરે છે અને ટ્રેડીંગથી દુર રહેવા લાગ્યા છે. જેમાં વળી સેબી દ્વારા પબ્લીક ઈસ્યુની નવી ગાઈડલાઈન આર્શીવાદ રૂપ બની છે.

તાજેતરમાં આવેલા ડૉ. લાલ, આલ્કેબલેબ, થાઈરોકેર, ઉજઝવીન ફાઈનાન્સ, દીલીપ બિલ્ડકોપ, આર.બી.એલ. બેંક સહિતના મોટા ભાગના આઈ.પી.ઓ. તેની ઈસ્યુ પ્રાઈઝ કરતાં લીસ્ટીંગ સમયે ઘણા ઉંચા ખુલતા શહેરના શેર ધારકોને અણધારી આવક પ્રાપ્ત થઈ છે. ૨૦૦૮ની મંદીમાં કરેલુ ભારે નુકસાન આ આઈપીઓ થકી સરભર થવાની આશા પણ બંધાઈ છે. જો કે સેબીની ઈસ્યુ અંગેની નવી ગાઈડ લાઈન મુજબ શેરમાં રોકાણ ધરાવતા કે પબ્લીક ઈસ્યુ ભરવા માંગતા ગ્રાહકોને પ્રથમ

પબ્લીક ઈસ્યુના ફોર્મ જે તે બેંકમાં જમા કરાવવાના હોય છે જેનાથી બેંકમાં પબ્લીક ઈસ્યુની રકમ હોલ્ડ થાય છે જે ખરેખર પહેલા ઉધાર થઈ જતી હતી બાદમાં જયારે કંપની દ્વારા એલોટમેન્ટ થાય ત્યારે જ આ રકમ ખાતામાંથી ઉધાર થાય તેવી શ્રેષ્ઠ સુવિધા પુરી પડાઈ છે.

જે કારણે વધુમાં વધુ લોકો હવે પબ્લીક ઈસ્યુ ભરતા થયા છે જેમાં વળી શ્રેષ્ઠ વળતર પ્રાપ્ત થતા લોકો હવે આઈપીઓ તરફ વધુ વળ્યા છે. વૈશ્વિક અર્થતંત્ર અને સ્થાનિક અર્થતંત્ર આધારીત શેર બજાર હાલમાં સુધારા તરફ રહ્યું છે. સેન્સેકસ ૨૮૫૦૦ ઉપર સર્વોચ્ચ સપાટી ઉપર છે તો નિફીટ પણ ૮૮૦૦ની સપાટી નજીક રહેવામાં સફળ રહ્યું છે. નેશનલ સ્ટોક એક્ષચેન્જ તથા બોમ્બે સ્ટોક એકસચેન્જમાં વિદેશી રોકાણકારોની લેવાલી જારી રહી છે. દેશના ઉદ્યોગકારો પોતાના ધંધાના વિકાસ માટે આઈ.પી.ઓના પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે જેમાં શેરબજાર (સેબીની) ગાઈડલાઈન હોવાથી રોકાણકારો ચિંતા કર્યા વગર રોકાણ કરી રહ્યા છે. શેરબજારની વધ ઘટ પાછળ અનેક પરિબળો વત્તે ઓછે અસરકારક બને છે. જો કે સરકાર દેશના અર્થતંત્રને વેગ આપવા માટે યથા શકિત પ્રયત્નશીલ હોય છે અને જેની અસરો પણ શેર બજાર પણ પડે છે છતાં પબ્લીક ઈસ્યુ ભરવામાં શહેરીજનો હવે ઊંચા વળતરની અપેક્ષાએ પાછી પાની કરતા નથી તે નોંધનીય બન્યું છે.